જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૧૧/૨૦૧૮ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૩૧૯/૧૮**

**રામોલ પોલીસ સ્ટેશન :**

## ભારતીય બનાવટનો ઇગ્લીંશ દારુના જથ્થાની હેરાફેરી કરતા ઇસમોને પકડી કિ.રૂ.૨,૧૦,૮૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરતી રામોલ પોલીસ અમદાવાદ શહેર

### ગણનાપાત્ર

ઉપરી અધિકારીશ્રી નાઓ તરફથી મળેલ સુચના તેમજ અમોએ કરેલ સુચના આધારે પ્રોહીની હેરાફેરીની પ્રવુતી તથા અસામાજીક પ્રવુતિ સાથે સંકળાયેલ ઇસમો વિરુધ્ધમાં કાયદેસર કાર્યવાહી કરવી જે સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા સાહેબ નાઓ સ્ટાફના માણસોની સાથે પેટ્રોલીગમાં નિકળેલ અને ફરતા ફરતા કલાક ૧૬/૩૦ વાગે સરદાર પટેલ રીંગરોડ અદાણી સર્કલ પાસે આવતા સાથેના પો.કો લાલજીભાઇ જહાભાઇ તથા પો.કો ચિરાગભાઇ ભુપતભાઇ નાઓએ સર્વેલન્સ પો.સ.ઇ નાઓને ખાનગી રાહે બાતમી હકીકત આપેલ કે એક લોડીંગ રીક્ષા નંબર. જી.જે.૦૧.ડી.યુ.૦૪૧૫ નો ચાલક તેના કબજાની લોડીંગ રીક્ષામાં કેટલોક ગેર કાયદેસરનો ભારતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થો રાખી હાથીજણ રીંગરોડ તરફથી આવી અત્રે થઇ ઓઢવ તરફ જનાર છે જે બાતમી હકીકત આધારે તેઓએ બે પંચોના માણસોની હાજરીમાં છુટાછવાયા લોડીંગ રીક્ષાની વોચમાં હાજર રહી લોડીંગ રીક્ષાને રોકી તેમાંથી ભારતીય બનાવાટનો ઇગ્લીંશ દારુની બોટલ નંગ.૨૨૮ કિ.રૂ. ૧,૧૪,૦૦૦/-(૨) બીયરના ટીન નંગ-૩૧૨ કિ.રૂ. ૪૬,૮૦૦/- (૩) લોડીંગ રીક્ષા કિ.રૂ.૫૦,૦૦૦/-મળી કુલ્લે રુપિયા ૨,૧૦,૮૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી (૧) રાજુભાઇ કેશાજી જાતે.ઠાકોર ઉવ.૨૯ રહે. ઘનતુરા પોળ નવા તળીયાની પોળની સામે કડીયાનાકા દરીયાપુર અમદાવાદ શહેર (૨) સંજયભાઇ રૂપસંગભાઇ જાતે. ઠાકોર ઉવ.૨૫ રહે. બીપીનભાઇનુ ડેલુ મોટી લોઢવાડની બાજુમાં રાવળશેરી કડીયાનાકા દરીયાપુર અમદાવાદ શહેર નાને તા.૨૮/૧૧/૧૮ ના કલાક ૧૭/૩૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓએ વધુ તપાસ હાથ ધરેલ છે તા.૨૮/૧૧/૨૦૧૮

**ઓઢવ પોલીસ સ્ટેશન :**

## પેરોલ જંમ્પના ત્રણ માસથી નાસતા ફરતા આરોપીની પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ શ્રી હીમકરસિંગ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઈ સા. નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ ઓઢવ પો.સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર આર.જી.જાડેજા સાહેબ નાઓએ આપેલ સુચના મુજબ પેરોલ/ફર્લો રજા ઉપરથી જંમ્પ થયેલા નાસતા ફરતા આરોપીને શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ એ.ડી.ભટ્ટ તથા હે.કો રામસિંહ લક્ષ્મણસિંહ બનં-૭૭૩૩ તથા પો.કો ચંન્દ્રસિંહ લાખુભા બનં-૫૮૮૯ તથા પો.કો લાલજીભાઈ રાયસંગભાઈ બનં-૮૭૮૩ તથા પો.કો શૈલેષભાઈ ગાંડાભાઈ બનં-૬૯૪૮ તથા લોકરક્ષક ધીરૂભાઈ જીવણભાઈ બનં-૧૧૬૬૨ તથા લોકરક્ષક જયદેવસિંહ નાગજીભાઈ બનં-૩૨૪૧ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો ચંન્દ્રસિંહ લાખુભા તથા પો.કો લાલજીભાઈ રાયસંગભાઈ નાઓની સયુંક્ત બાતમી હકિકત આધારે કાચા કામના કેદી નં-૭૯૪/૧૮ નો પેરોલ જમ્પ થયેલ હોય જે હાલમાં પોતાના ઘરે હાજર હોવાની હકિકત આધારે પો.સ.ઈ એ.ડી.ભટ્ટ તથા તેની ટીમ સાથે સદરી ઈસમના ઘરે જઈ તપાસ કરતા હાજર મળી આવેલ સદરી ઈસમનુ નામઠામ પુછતા પોતાનુ નામ રાજુ ઉર્ફે રાજેન્દ્રસિંહ ચંદ્રસિંહ સોલંકી ઉવ.૫૨ રહે,મનં-સી/૭૫૨ મુનીસુવ્રત સ્વામી સોસાયટી વિભાગ-૨ આદિનાથનગર ઓઢવ અમદાવાદ શહેર નાનો ઓઢવ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુરનં-૪૪૩/૧૩ ધી ઈપીકો ક્લમ ૩૦૨ વિગેર મુજબ સેશન્સ કેસ નંબર-૧૮૦/૧૪ ના કામના આરોપી કેદી નં-૭૪૯ થી સાબરમતી મધ્યસ્થ જેલમાં હોય જે તા.૧૧/૦૭/૧૮ થી દિન-૧૫ ની પેરોલ રજા ઉપર છુટેલ હોય જે પરત સેંટ્રલ જેલમાં હાજર થયેલ ન હોય અને છેલ્લા ત્રણેક માસથી નાસતો ફરતો હોય અને પેરોલ જમ્પ થયેલ હોય જે સદરી ઈસમ આજરોજ મળી આવેલ હોય જે બાબતે સ્ટેડામાં એંટ્રી કરી સદરી ઈસમને સાબરમતી સેંટ્રલ જેલ ખાતે મોક્લી આપવા તજવીજ કરવામાં આવેલ છે.જે બાબતે પ્રશંસીનીય કામગીરી કરવામાં આવેલ છે.

**<u>સાબરમતી પોલીસ સ્ટેશન :</u>**

સાબરમતી વિસ્તારમાંથી પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી રમાડતા કુલ છ ઇસમોને કુલ્લે રૂપિયા ૨૭,૩૯૦/-ના મુદ્દામાલ સાથે ઝડપી લેતી સાબરમતી પોલીસ

મેં પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેકટર-૧ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૨ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એલ.ડીવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી પ્રોહી/જુગારના કેસો શોધી કાઢવા સારુ આપેલ સુચના આધારે આજરોજ પો.કો. શીવાભાઇ મણાભાઇ બ.નં.૫૪૯૫ તથા પો.કો. હિતેષભાઇ મોહનભાઇ બ.નં.૫૯૫૯ તથા પો.કો. મનુભાઇ સવાભાઇ બ.નં.૮૩૬૯ નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેક કે "સાબરમતી અચેર છારાનગર કલાબેન રાઠોડના મકાનના આગળના ભાગે શેડની નીચે જાહેરમાં કેટલાક માણસો ગોળ કુંડાળુવળી પૈસા પાનાથી હારજીતનો તીન પત્તીનો જુગાર રમી રમાડે છે અને હાલમાં તેઓની પ્રવૃતી ચાલુ છે " જે હકીકત આધારે અમો તથા સ્ટાફના માણસો તથા પંચો સાથે રાખી હકીકતવાળી જગ્યા જઇ રેડ કરતા જુગાર રમતા કુલ છ ઇસમોને ઝડપી લીધેલ અને તેઓ પાસેથી જુગારના રોકડ નાણા તથા મોબાઇલ ફોન તથા ગંજીપાના મળી કુલ્લે રૂપિયા ૨૭,૩૯૦/-નો મુદ્દામાલ કબજે કરી પકડાયેલ તમામ ઇસમો વિરૂધ્ધ સાબરમતી પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી નં-૩૩૮૯/૨૦૧૮ જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુનો દાખલ કરેલ છે અને આગળની તપાસ ઇન્વે સ્કોડ નાઓ ચલાવી રહેલ છે તા- ૨૮/૧૧/૨૦૧૮

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.